છેલ્લું પાંદડું ખરી ગયા પછી પણ ઝાડ ઊભું તો રહે છે. એનાં મૂળિયાંને માટીની આસક્તિ થઈ ગઈ છે. છોડવી સહેલી નથી. કોઈ જાણે કે ન જાણે.

સુમિત્રાનો પણ કંઈક એવો જ ઘાટ છે. ત્રણ ઓરડાના નાના ઘરમાં રહેવા આવ્યા પછી પણ ધારતી હતી એવી મોકળાશ કે આનંદનો અનુભવ હજુ લગી તો થયો નથી. પોતાની ઇચ્છા ન હોવા છતાં અવારનવાર કોઈ ને કોઈ યાદ આવી જાય છે. બધી યાદ કંઈ સુખદ હોતી નથી. પણ એમાં એનું કંઈ જોર ચાલતું નથી. આ શું દાગીનાની દુકાનમાં ખરીદી કરવા જેવું સહેલું કામ છે? જે ન ગમે તેને બાજુએ હડસેલી દો અને ગમી જાય તેને હૈયા સરસું ચાંપો?

પવન વાય ત્યારે એના મનમાં આવે તે સુગંધ લઈ આવે – ક્યારેક એ દુર્ગંધ પણ ઊંચકી લાવે – આપણો એ નોકર થોડો જ છે કે આપણી મરજી મુજબ જ ચાલે?

સુમિત્રા આ બધું સમજતી હતી. સિત્તેર વરસ કંઈ પાણીમાં નહોતાં નાખ્યાં – તેથી જ આ વિચાર કર્યો હતો ને, કે જતાં પહેલાં થોડું જીવી લેવું – પોતાની મરજી મુજબ, પોતાને સુખ આપે એવું... આખી જિંદગી કોને શું ગમશે કોને શું જોઈશે – ક્યારે જોઈશે એના વિચારોમાં, એના અમલમાં વીતી ગઈ. હવે બસ, હવે નહીં.

હવે એ પોતાને ગમશે એ રીતે જ જીવશે – ફાવે ત્યારે જાગશે, ફાવે ત્યારે ઊંઘશે, જે ગમે તે રાંધશે, જ્યારે ખાવું હોય ત્યારે ખાશે, જેને મળવું હશે તેને મળશે, જેને નહીં મળવું હોય તેને નહીં જ મળે...

પૂજા – હા, પૂજાની તેને ટેવ છે. પણ તે વહેલીમોડી થાય તેનો વાંધો નહીં. જે દેવની સાથે જેટલો વખત વાત કરવી હોય તેટલી કરશે. સંસ્કૃતમાં જ કરવી પડે એવું કોણે કહ્યું?

પતંગિયાની જેમ અહીંથી ત્યાં ઊડાઊડ કરતા વિચારોથી કંટાળીને તે પથારીમાંથી ઊભી થઈ ગઈ. અરીસો સામે જ હતો. અનાયાસે જોવાઈ ગયું – ઠીક લાગતું હતું એ સામેનું પ્રતિબિંબ. બહાર નીકળીને થોડી લટાર મારી શકાય. પછી નિરાંતે ચા પિવાશે. બપોરે ત્રણના ટકોરે જ ચા પિવાય એવું કોણે કહ્યું?

સહેજ આળસ મરડીને સુમિત્રાએ ચાલવા માટેનાં આરામદાયક ચંપલ શોધવા માંડ્યાં. પોતે જ આડાંઅવળાં મૂકી દીધાં હશે. કોઈનો વાંક કઢાય એવું તો હતું નહીં. ઘરમાં બીજું કોઈ હતું જ ક્યાં?

હજુ તો બહાર નીકળીને બારણાં બંધ કરે છે ત્યાં મોબાઇલ રણક્યો.

“સુમી, તું તો ખરી છે ને ભાઈ, ખરેખર તારા લવલી કૉટેજમાં આવી ગઈ? અમને બોલાવ્યાં પણ નહીં?” આ તીણો અવાજ યશુ સિવાય કોઈનો ન હોઈ શકે. સુમિત્રાએ જરા નારાજ થઈને કહ્યું, “તેડાંનોતરાંની શી જરૂર? મન થાય ત્યારે ફોન કરીને પૂછી જોવાનું, હું ઘરમાં હોઉં તો ટપકી પડવાનું.”

“અરે વાહ! કશી તૈયારી નહીં કરવાની અમારા સ્વાગતની?” બસ, આ જ વાંધો હતો સુમિત્રાને – આખી જિંદગી આવી આગતાસ્વાગતાની લપમાં વહી જવા આવી. હજીયે શું એનું એ જ નાટક ભજવવાનું છે?

સહેજ રુક્ષતાથી એણે કહ્યું, “જો યશુ, મને મન થશે ત્યારે બોલાવીશ – તને મન હોય તો આવજે. સાથે એકાદ જણ હોય તો ચાલશે, બાકી આખું ધાડું ભેગું ના કરતી – પ્લીઝ.”

“સુમી, તને શું થયું છે, તું કેમ આમ એકલી રહેવા આવી છે એ બધું અમારે ના જાણવું હોય?”

"હું જણાવવા બંધાયેલી નથી."

"ઓહો! તું અમારી ફ્રેન્ડ નહીં!"

"એની કોણ ના પાડે છે? પણ યશુ, પ્લીઝ અત્યારે હું કામમાં છું. ફરી કોક વાર નિરાંતે મળીશું. ઓ.કે.?"

"જેવી તારી મરજી. મને ના કહેવું હોય તો કંઈ નહીં, માલતીને તો કહીશ ને? કે એને પણ નહીં?"

સુમિત્રાએ ફોન સ્વિચ ઑફ કરી નાખ્યો. ઘણી વાર થતું, આ મોબાઇલ પણ ન રાખવો જોઈએ; પણ એ શક્ય નહોતું. છોકરાઓ દિવસમાં એકાદ વાર ફોન કરીને પૂછી લેતા – "મમ્મી, તું મઝામાં છે ને?"

"હા."

"કંઈ કામ હોય તો ફોન કરજે – પ્લીઝ!"

"શ્યોર."

હવે જો ફોન જ ન રાખે તો બિચારાઓને વારંવાર અહીં લગી આવવું પડે. નકામી પળોજણ વધે. અને બોલવાચાલવાનો વહેવાર પણ બંધ કરી દેવો પડે એવું તો કંઈ થયું નહોતું. જમાનાના પ્રમાણમાં બન્ને દીકરાઓ સારા જ હતા. વહુઓ સાથે પણ કશો વાંધો પડ્યો નહોતો. માત્ર પોતાને મન થયું હતું – પોતાની રીતે જીવવાનું – થોડુંક જીવી લેવાનું. પૈસા હતા. આ ઘર પણ ઘણા વખતથી લઈ રાખ્યું હતું – પોતે રહેવા આવી છે, એકલી આવી છે – સ્વતંત્રપણે રહેવું છે, એમાં મોટી આપત્તિ ક્યાં – કોને આવી પડી છે? અંબરીષને ગયે છ વરસ થઈ ગયાં. એ હોત તો કદાચ વાત જુદી હોત – કદાચ પોતે પણ આમ નીકળી ન પડત. બન્નેનું લગ્નજીવન એકંદરે ઠીક જ ચાલતું હતું. બન્નેને એકબીજાંની આદત પડી ગઈ હતી. પણ હવે લોકો શું કહેશે ને કોને શું લાગશે એવા બધા વિચારો કરીને મનમાં અવારનવાર જાગી ઊઠતી એકલા રહેવાની ઇચ્છા કચડી નાખવાનું કોઈ કારણ દેખાતું નહોતું સુમિત્રાને.

વળી હમણાં તબિયત સારી હતી. કોને ખબર છે, બેપાંચ વરસ પછી કશીક માંદગી આવી પડે ને પથારીવશ થઈ જવાય તો? પછી તો મનની વાત મનમાં જ રહી જાય ને!

શા માટે આ આઝાદી ન ભોગવી લેવી? કબૂલ, માણસને માથે જાતજાતની જવાબદારીઓ હોય છે. એ બધી ફેંકી દઈને મનનું ધાર્યું ન કરી શકાય. પણ જ્યારે ભાગ્યયોગે થોડી મોકળાશ સાંપડી જ છે ત્યારે કેમ આ અંતરની ઊંડી ઇચ્છાને વિનાકારણ પાછી ધરબી દેવી?

બોલવાનો થાક લાગતો હતો તેવો ને તેવો ક્યારેક વિચારવાનોયે થાક લાગતો હતો, પણ ઘડિયાળને ચાવી આપ્યા પછી એ તો ચાલે જ; ખબર નહીં આ મગજને ભગવાને કેવી રીતે ઘડ્યું છે કે જાતજાતના ને ભાતભાતના વિચારો ચાલ્યા જ કરે છે. કદાચ એમાંથી છટકવા માટે જ આ પાઠપૂજા ને માળા એવું બધું કાઢ્યું હશે લોકોએ...

ચાલતાં ચાલતાં પગ અટકી ગયા. એક આખો ક્યારો લજામણીના છોડથી છવાયેલો હતો, ક્યાંક ક્યાંક આછા જાંબલી રંગનાં રૂંવાંદાર નાનાંનાનાં ફૂલ પણ હતાં. સુમિત્રાની બાળપણની યાદ જાગી ઊઠી. પોતે પહેરેલાં કપડાંની પરવા કર્યા વગર એ નીચે બેસી ગઈ અને ક્યારામાં આમતેમ ટપલાટપલી કરવા લાગી તે સાથે આમલીનાં પાન જેવાં ઝીણાં ઝીણાં પાન નીચાં નમીને એકબીજાંને વળગી પડવા લાગ્યાં. જોતજોતાંમાં આખો ક્યારો જાણે લૂંટાઈ ગયો. સુમિત્રાને હસી પડવાનું મન થયું તે માંડમાંડ દબાવીને એ શાંતિથી રાહ જોવા લાગી. થોડીક જ વારમાં વળી પાછાં પાંદડાં ટટાર થશે – એકબીજાંથી અળગાં થશે અને આખો ક્યારો લીલાછમ વૈભવથી છવાઈ જશે.

ઓહો! કેટલાં બધાં વરસ પછી આ રમત રમવાનો સુયોગ આવ્યો!

ઓચિંતું કશુંક વજન ધબાક દઈને એના નીચા નમેલા વાંસા પર પડ્યું. કંઈક ગભરાઈને, કંઈક ચિડાઈને જોયું તો પગીની નાનકડી દીકરી ચંપા!

બીજાં છોકરાંઓ સાથે રમતાંરમતાં કોઈનો ધક્કો વાગ્યો એટલે એ આમ ગબડી પડી હતી. ભયભીત નજરે એ સુમિત્રા સામે જોઈ રહી. એના વાળ બરાબર ઓળેલા નહોતા. કોરાં, ધૂળિયાં લટિયાં પોતાના જ વજનને કારણે ઊડી શકતાં નહોતાં પણ આમતેમ વિખરાઈને એના કુમળા ચહેરાને જરા બદસૂરત બનાવતાં હતાં.

સુમિત્રાને મન થયું, આને ઘરે લઈ જઈને બરાબર ચોખ્ખીચટાક કરી તેલ નાખીને માથું ઓળી આપ્યું હોય તો કેવી લાગે? તે સાથે એ ઊભી થઈ,

અને ચંપાનું બાવડું પકડીને પોતાની સાથે ચલાવવા શું, ખેંચવા જ લાગી. છોકરી ગભરાઈ ગઈ ને રડવા માંડી.

"રડ નહીં. હું તને મારવાની નથી. મારે ઘેર લઈ જાઉં છું."

"શું કરવા?"

"તારી સાથે રમવા."

હવે આવો જવાબ તો કોઈ માને નહીં, ચંપાએ પણ ન માન્યો. એણે ઢીલું મોં કરીને કહ્યું, "તમે તો બહુ મોટાં છો. મારી સાથે કંઈ રમાય તમારાથી?"

સુમિત્રા અટકી ગઈ. છોકરીની વાત સાચી હતી. લજામણી સાથેની રમતમાં એ પોતાની ઉંમર ભૂલી ગઈ હતી. ચંપાનો હાથ છોડી દઈને એણે કહ્યું, "ઠીક – જા, તારે ઘેર – કાલે મન થાય તો સવારે મારે ઘરે આવજે. જોયું છે મારું ઘર?"

ચંપાએ ઘર સામે આંગળી ચીંધી અને પછી હિંમત કરી તે બોલી, "બિસ્કૂટ આપશો?"

"હા – બહુ વહેલી ન આવતી."

હકારમાં માથું ધુણાવતી છોકરી દોડી ગઈ. સુમિત્રા ઘર તરફ પાછી વળી ચાલતાંચાલતાં યાદ આવ્યું એટલે પાછો મોબાઇલ ચાલુ કર્યો. તરત જ સોહનનો ફોન આવ્યો. "મમ્મી, મઝામાં છો?"

"હા."

"મિતુલે પેલાં – શું? હા, પથ્થરવેલિયાં બનાવ્યાં છે. તમારે માટે મોકલું?"

"ના બેટા – મને એનાથી ખંજવાળ આવે છે, અને સોહન... એને પથ્થરવેલિયાં ના કહેવાય."

"મિતુલ તો કહે છે."

"પત્તરવેલિયાં! એકલાં પાતરાં કહે તો પણ લોકો સમજી જાય."

"ઓહો! એવું?"

"હા... તમે બધાં મઝામાં છો ને?"

"હા..., તમે મઝામાં છો ને? ના ગમતું હોય તો પાછાં આવતાં રહેજો, હં."

"ગમે છે – બહુ ગમે છે."

"તો સારું."

"સોહન! થેન્ક યુ."

"શું તમે પણ મમ્મી! શું? અરે હાં, ઊભાં રહેજો આ મિતુલને કંઈ કામ છે. એને થર્મોમીટર જડતું નથી. તમને યાદ છે, ક્યાં મૂક્યું છે?"

"ના. કોને તાવ આવ્યો છે?"

"આવ્યો નથી પણ આવશે એવું લાગે છે – આ શૈલને. તેની ચિંતા ન કરતાં. એ તો આખો દહાડો ક્રિકેટ રમ્યા કરે છે ને ધોની થવાનાં સપનાં જુએ છે."

સુમિત્રા હસી પડી. "છોકરાં સપનાં નહીં જુએ તો કોણ જોશે? સાચવજો."

"ઓ.કે. મમ્મી!"

"આવજે બેટા."

સુમિત્રા ઘેર પહોંચી ત્યારે સાંજ ઢળી ચૂકી હતી. એણે વિચાર કર્યો કે હવે ચા પીવાની કશી જરૂર નથી. દૂધપૌંઆ ખાવાની મજા આવશે, કોઈને પૂછવાની તો જરૂર હતી નહીં...

પૌંઆ પલાળીને એણે પોતાનું નાનકડું હાર્મોનિયમ કાઢ્યું અને નાનપણમાં જે બે-ચાર ગીત શીખેલી એના પર હાથ અજમાવ્યો. સાથેસાથે ગાવાનું મન થયું એટલે પહેલાં ધીમેથી અને પછી મોટેથી ગાઈ પણ નાખ્યું.

મઝા આવી ગઈ. કોઈને સંભળાવવા નહીં, કોઈની વાહવાહ મેળવવા નહીં - બસ, મન થયું એટલે ગાયું. જેવું આવડ્યું એવું ગાયું. મોટેથી ગાયું.

પછી દૂધપૌંઆ અને છેલ્લે ગઈ કાલની અધૂરી રહેલી ડિટેક્ટિવ નૉવેલ... કોઈ પૂછનાર નથી કે આવું ભંગાર જેવું શું વાંચે છે?

બસ, પોતાને ગમે છે એટલે વાંચે છે – પતી ગઈ વાત!

મોડોમોડો અખિલનો ફોન આવ્યો.

"મમ્મી, બ્લડનું સૅમ્પલ લેવા માણસ સાડા સાતે આવશે. જોજે, સવારે કંઈ ખાતીપીતી નહીં."